અનામત મામલે આજે સરકાર તેમજ પાટીદાર અગ્રણીઓ વચ્ચે મહત્વની મંત્રણા

ગાંધીનગર ખાતેના સ્વર્ણિમ સંકુલમાં ૧૫૦ જેટલા પાટીદાર અગ્રણીઓ ઉપસ્થિત રહેશે

ગાંધીનગરઃ રાજયમાં વિધાનસભાની ચૂંટણીની જાહેરાત આગામી ઓકટોબરમાં ૧૬મી તારીખ પછી થવાની છે. તે પહેલા ભાજપ સરકાર અને પાટીદાર સમાજના ૧૫૦ કરતાં વધુ અગ્રણીઓ વચ્ચે મહત્વની અને નિર્ણાયક બેઠક અને મંત્રણા યોજાશે. જેમાં પાટીદાર સમાજની અનામત સહિતની ચાર માંગણી પર ચર્ચા થશે. જેમાં પાસ તરફથી સરકાર સાથેની બેઠકમાં ૧૮ અગ્રણીઓ હાજર રહેશે. આ મંત્રણાના સંદર્ભમાં સોમવારે પાસના કન્વીનર દિનેશ બાંભણીયાના નિવાસસ્થાને પાસની કોર કમિટીની બેઠક યોજાઈ હતી. જેમાં હાર્દિક પટેલે પણ હાજરી આપી હતી.

વિધાનસભાની ચૂંટણી નજીક આવી રહી છે ત્યારે પાટીદાર સમાજની નારાજગી ભાજપને ઉત્તર ગુજરાત તેમજ સુરતમાં અને સૌરાષ્ટ્રમાં પણ નડી શકે છે. જે ભાજપની નેતાગીરી હવે ટાળવા માગે છે. પાટીદાર સમાજ સાથે સરકાર કે ભાજપની નેતાગીરી કોઈ સંઘર્ષમાં ઉતરવા માગતી નથી. એટલે સરકારે પાટીદાર સમાજના ઉત્કર્ષ માટે પાટીદાર આયોગ બનાવવાની તૈયારી પણ કરી લીધી છે. નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ દ્વારા સરકાર તરફથી મંગળવારે તા.૨૬મી સપ્ટે.ના રોજ ગાંધીનગરમાં સ્વર્ણિમ સંકુલ -૨માં સવારે સુરતના પાટીદાર સમાજના અગ્રણીઓ સહિત રાજયના અંદાજિત ૧૫૦ જેટલા પાટીદાર અગ્રણીઓને ચર્ચા માટે આમંત્રણ આપવામાં આવ્યું છે. જેના પગલે સરકાર અને પાસના તેમજ એસપીજીના અગ્રણીઓ પણ ચર્ચામાં જોડાશે.

અનામત માટે પાસના કન્વીનર હાર્દિક પટેલ દ્વારા મુખ્યમંત્રી રૂપાણીને પત્ર લખાયો હતો

પાટીદાર સમાજને અનામત મળે તે માટે પાસના કન્વીનર હાર્દિક પટેલ દ્વારા અગાઉ રાજયના મુખ્યમંત્રી વિજય રૂપાણીને પત્ર લખવામાં આવ્યો હતો. આ ઉપરાંત પાસના કન્વીનરો રાજકોટમાં ખોડલધામ તેમજ સીદસર ઉમિયાધામના આગેવાનોને મળ્યા હતાં. તે પછી પાટીદાર સમાજના અગ્રણીઓ પણ ગાંધીનગરમાં નીતિન પટેલને મળ્યા હતાં.

મને વિશ્વાસ છે કે ચર્ચાના અંતે સુખદ નિરાકરણ આવશેઃ નીતિન પટેલ

નીતિન પટેલે કહ્યું હતું કે '' મને વિશ્વાસ છે કે ચર્ચાના અંતે સુખદ નિરાકરણ આવશે.'' મંગળવારે યોજાનારી બેઠકમાં ઉમિયા માતાજી સંસ્થા-ઉંઝા, ખોડલધામ-કાગવડ, રાજકોટ ઉમિયા માતાજી મંદિર, સિદસર ઉમિયા માતાજી મંદિર અને સમસ્ત પાટીદાર સમાજ સુરત, શ્રી સરદારધામ અમદાવાદ, વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન સાથે સંકળાયેલા ૧૦૦ જેટલા પાટીદાર અગ્રણીઓને ચર્ચા માટે આમંત્રણ આપવામાં આવ્યું છે. આ ઉપરાંત પાસના અલ્પેશ કથિરીયા, દિનેશ બાંભણીયા, લલિત વસોયા, વરૂણ પટેલ, કિરીટ પટેલ, મનોજ પનારા, ઉદય પટેલ, અમિત પટેલ, હર્ષદ પટેલ, ધાર્મિક માલવીયા, નીરવ પટેલ, હસમુખ પટેલ, જીતુ પટેલ, અભિક પટેલ, રેશ્માબેન પટેલ, ગીતાબેન પટેલ, અતુલ પટેલ અને રવિ પટેલનો સમાવેશ થાય છે.

ચાર માંગણીઓ પર ચર્ચા થશે

હાર્દિક પટેલે સોમવારે કહ્યું હતું કે અમે ચાર મુદ્દા સરકારને આપ્યા છે. તેના પર ચર્ચા થવી જોઈએ. જોકે હાર્દિકે કહ્યું હતું કે સરકાર સાથેની બેઠકમાં કોઈ પક્ષના પ્રમુખને હાજર રાખવા જોઈએ નહીં. મંગળવારની બેઠકમાં જે ચાર મુદ્દા પર ચર્ચા થવાની છે, તેમાં (૧) પાટીદાર સમાજને બંધારણીય અનામત આપો(૨) તા.૨૫-૨૬મીના રોજ પાટીદાર સમાજ પર બેરહેમીથી અત્યાચાર ગુજારનાર સામે વિડીયો રેકોર્ડિંગના આધારે પગલા ભરવા (૩) પાટીદાર સમાજના આંદોલન દરમ્યાન શહિદ થયેલા સમાજના યુવકોના પરિવારજનોને હરિયાણા અને રાજસ્થાન સરકારની જેમ સહાય અને સરકારી નોકરી આપવી (૪)પાટીદાર સમાજના વિકાસ માટે અલગથી એક આયોગની રચના કરવી. તેવા ચાર મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવશે.

નવી સુધારેલી મતદાર યાદી તૈયાર, રાજયમાં હવે ૪ કરોડ 33 લાખ મતદારો થયા

છેલ્લા ૮૫ દિવસમાં મતદાર યાદી સુધારણમાં ૬.૧૯ લાખ નવા મતદારો ઉમેરાયા, મતદાન મથકોની સંખ્યા ૫૦૧૨૮ થઈ

ગાંધીનગરઃ કેન્દ્રિય ચૂંટણી પંચ દ્વારા સોમવારે ગુજરાત માટે નવી સુધારેલી મતદાર યાદી જાહેર કરવામાં આવી છે. જેમાં રાજયમાં કુલ મતદારોની સંખ્યા વધીને ૪ કરોડ 33 લાખ થઈ ગઇ છે.

ચૂંટણી પંચના સૂત્રોના જણાવ્યા મુજબ રાજયમાં નવા મતદારોમાં પુરૂષો કરતાં મહિલાઓની સંખ્યા વધી ગઇ છે. છેલ્લા ૮૫ દિવસમાં મતદાર યાદી સુધારણા દરમ્યાન ૬ લાખ ૧૯ હજાર નવા મતદારો ઉમેરાયા છે. જેમાં ૩ લાખ ૭૧ હજાર મહિલા મતદારો અને ૨ લાખ ૪૭ હજાર પુરૂષ મતદારોનો સમાવેશ થાય છે. કુલ ૪ કરોડ 33 લાખ મતદારોમાંથી ૨ કરોડ ૨૫ લાખ પુરૂષ મતદારો અને ૨ કરોડ ૭ લાખ મહિલા મતદારોનો સમાવેશ થાય છે. જયારે અન્ય મતદારોની સંખ્યા ૬૮૮ થવા જાય છે. આ ઉપરાંત રાજયમાં ૫૦,૧૨૮ મતદાન મથકો છે.

ધો. ૧૨ સામાન્ય પ્રવાહની ૨૦૧૮ની પરીક્ષા જુના કોર્ષથી આપી શકાશે

ગાંધીનગરઃ ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાનારી ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહની ખાસ પરીક્ષા આગામી ૨૫મી ઓક્ટોબરથી ૬ નવેમ્બર ૨૦૧૭ સુધી લેવાનારી છે. આ પરીક્ષા માટે પરીક્ષા ફોર્મ ભરવાનું રહી ગયું હોય તેવા વિદ્યાર્થીઓ માર્ચ ૨૦૧૮ની પરીક્ષા જુના કોર્ષથી આપી શકશે.

સીટને પુશ બેકના મામલે લકઝરી બસમાં ઘુસી ટપોરીઓએ તલવારના ઘા ઝીંકી એકને પતાવી દીધો!

ઓઢવથી પાવાગઢના દર્શનની ટ્રીપ ગોઠવાઈ હતી, બસમાં શનિકુમાર અને પરબતસિંહ વચ્ચે સીટના મામલે માથાકૂટ થઈ હતી

આ માથાકૂટની અદાવત રાખી લકઝરી બસ ઓઢવ આવતા પરબતના સાથીદારો ધર્મેન્દ્ર, ઋષભ, ચંદન તથા અન્ય ત્રણથી ચાર શખ્સો તલવાર લઈને બસમાં ઘુસી આવ્યાં હતા

શનિકુમાર અને તેના પરિવાર પર તલવારથી હુમલો કરાયો હતો, વચ્ચે પડેલા રવીન્દ્રકુમારને પણ તલવારના ઘા મારી દેવાયા

અમદાવાદઃ અમદાવાદ શહેરના અસામાજિક તત્વો માટે જાણીતા એવા ઓઢવ વિસ્તારમાં રવિવારે લકઝરી બસમાં સીટને પુશ-બેક કરવાના મામલે બે મુસાફરો વચ્ચે થયેલા સામાન્ય ઝઘડામાં કેટલાક લુખ્ખા તત્વોએ ખુલ્લી તલવાર લઈને લકઝરી બસમાં ઘુસી આતંક મચાવીને એક મુસાફર પર હુમલો ર્ક્યો હતો. આથી એક યુવક મામલો શાંત પાડવા વચ્ચે પડતાં તોફાનીઓ તેના પર તલવાર પડે તુટી પડ્યા હતા. જેનું ગંભીર ઈજાઓ થતાં બસમાં જ મૃત્યુ થયુ હતું. જ્યારે અન્ય ત્રણને ઈજા થઈ હતી.

આ બનાવ અંગે પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી મુજબ, શહેરના ઓઢવ વિસ્તારમાં રવિવારે મોડી રાત્રે દિપ ટ્રાવેલ્સ નામની લકઝરી બસના સંચાલકે નવરાત્રી હોવાથી પાવાગઢના દર્શનની ટ્રીપ ગોઠવી હતી. જેમાં શનિકુમાર તેની માતા તથા પરિવારના સભ્યો સાથે દર્શને ગયા હતા. તેમની સાથે કર્ણાવતી પાર્કમાં રહેતા પરબતસિંહ કુશવાહ પણ દર્શને ગયો હતો. આ દરમ્યાન લકઝરી બસમાં શનિકુમાર અને પરબતસિંહ વચ્ચે સીટ પુશ-બેક કરવાના મામલે બોલાચાલી થઈ ઝઘડો થયો હતો.

આ બાબતની અદાવત રાખીને પરબતે તેના મિત્રોને ફોન કરી આ ઝઘડાની જાણ કરી હતી. આથી રવિવારે રાત્રે ઓઢવ પાસે લકઝરી બસ આવતા પરબતના સાથીદારો ધર્મેન્દ્ર, ઋષભ, ચંદન તથા ત્રણથી ચાર અન્ય શખ્સો તલવાર લઈને બસમાં ઘુસી આવ્યાં હતા અને શનિકુમાર તથા તેના પરિવાર પર તૂટી પડ્યા હતા. આથી અન્ય મુસાફર યુવક રવીન્દ્રકુમાર સીંગ છોડાવવા વચ્ચે પડતાં તેના પર પણ તલવાર વડે હુમલો ર્ક્યો હતો. આથી ગંભીર ઈજાઓ થતાં તેનું બસમાં મૃત્યુ નીપજ્યું હતું. આ ઘટનાની જાણ પોલીસને થતાં પોલીસનો કાફલો દોડી આવ્યો હતો તેમજ ક્રાઈમ બ્રાંચના અધિકારીઓએ પણ ઘટનાસ્થળે દોડી આવી તપાસ શરૂ કરી હતી.

મ્યાનમારના રોહિંગ્યા મુસ્લિમોની સમસ્યાનાં મૂળ બ્રિટીશ રાજમાં પડેલાં છે

ટુ ધ પોઇન્ટ

સમકિત શાહ

STOP
GENOCIDE OF ROHINGYA
MUSLIM IN MYANMAR

ભારતમાં ગેરકાયદે ઘૂસી ગયેલા ૪૦ હજાર રોહિંગ્યા મુસ્લિમો બાબતમાં મહાભારત ચાલી રહ્યું છે ત્યારે બાંગ્લા દેશમાં છેલ્લા એક જ મહિનામાં ૪.૩૦ લાખ રોહિંગ્યા મુસ્લિમો પોતાનો જીવ બચાવવા મ્યાનમારના રાખીન પ્રાંતમાંથી પ્રવેશ્યા છે. બહુ ઓછા લોકોને ખબર હશે કે રાખીન પ્રાંતમાંથી જેમ રોહિંગ્યા મુસ્લિમો ભાગી રહ્યા છે તેમ તેમના અત્યાચારોથી બચવા બૌદ્ધો અને હિન્દુઓ પણ ભાગી રહ્યા છે. તાજેતરમાં મ્યાનમારની સરકારેજાહેર કર્યું છે કે રાખીન પ્રાંતમાંથી કેટલીક કબરો મળી આવી છે, જેમાં ૨૮ હિન્દુઓને મારીને દાટી દેવામાં આવ્યા હતા. મ્યાનમારના લશ્કરે રોહિંગ્યા પર આક્રમણ કર્યું તે પહેલા તેમણે હિન્દુ અને બૌદ્ધ વસાહતો પર ત્રાટકીને સેંકડોની હત્યા કરી કાઢી હતી. આ હિંસાથી બચવા આશરે ૩૦ હજાર હિન્દુઓ અને બૌદ્ધો પણ બાંગ્લા દેશમાં પ્રવેશ્યા છે, જેમાંનાકેટલાક બાંગ્લા દેશના માર્ગે ભારતમાં પણ પ્રવેશી ચૂક્યા છે.

મ્યાનમારમાં રોહિંગ્યા મુસ્લિમોની જે વિકટ સમસ્યા પેદા થઇ છે તેના મૂળમાં બ્રિટીશરો દ્વારા ભારતીય ઉપખંડમાં અજમાવવામાં આવેલી ભાગલા કરો અને ખતમ કરોની નીતિ જવાબદાર છે. ઐતિહાસિક દૃષ્ટિએ અરાકાન એક સ્વતંત્ર રજવાડું હતું, જેમાં સદીઓથી બૌદ્ધો રાજ કરતા હતા. બર્માના બૌદ્ધો કરતાં અરાકાનના બૌદ્ધોની અલગ ઓળખ હતી. અરાકાનના બૌદ્ધો માઘ તરીકે ઓળખાતા હતા અને ઇસુની સોળમી તેમ જ સત્તરમી શતાબ્દિમાં તેઓ આજે જયાં બાંગ્લા દેશ છે, ત્યાં ચિત્તાગોંગના મુસ્લિમો પર પણ રાજ કરતા હતા. ઇ.સ.૧૬૬૬માં મોગલ બાદશાહે ચિત્તાગોંગ જીતી લીધું ત્યારથી તે ભારતનો ભાગ બન્યું હતું. ઇ.સ.૧૭૭૦માં બ્રિટીશરોએ મોગલોના હાથમાંથી ચિત્તાગોંગ પણ જીતી લીધું હતું. ત્યાર બાદ પણ અરાકાનમાં બૌદ્ધોનું રાજ ચાલતું હતું. ઇ.સ.૧૭૮૪માં બર્માના રાજાએ અરાકાન રાજય જીતી લીધું ત્યારથી તે બર્માનો ભાગ બન્યું હતું. ઇ.સ.૧૮૨૬માં એક સંધિના કારણે અરાકાન બ્રિટીશ સામ્રાજયનો હિસ્સો બની ગયું હતું.

ઇ.સ. ૧૮૧૦માં બર્માના રાજાએ હુમલો કરીને પૂર્વોત્તરનું અહોમ રાજય પણ જીતી લીધું હતું, જે આજે આસામ તરીકે ઓળખાય છે. ઇ.સ.૧૮૧૦થી ૧૮૨૪ દરમિયાન આસામબર્માના રાજાનું ગુલામ રહ્યું હતું, જે દરમિયાન આસામની પ્રજા પર ભારે અત્યાચારો ગુજારવામાં આવ્યા હતા. આ અત્યાચારોને આસામની જનતા આજે પણ લોકકથાઓના માધ્યમથી યાદ કરે છે. ઇ.સ.૧૮૨૪માં બ્રિટીશ લશકરે બર્મા પર હુમલો કરીને અહોમ ઉપરાંત અરાકાનનો પ્રદેશ પણ જીતી લીધો હતો. ઇ.સ.૧૮૨૬માં રંગૂન નજીક આવેલા યાંડાબૂમાં બર્મા અને બ્રિટન વચ્ચે સંધિ થઇ હતી, જે મુજબ આસામને અને અરાકાનને બ્રિટીશ ભારતના બંગાળ પ્રાંત સાથે જોડી દેવામાં આવ્યા હતા.

ઇ.સ.૧૮૨૬ અને ૧૮૮૫ વચ્ચે અરાકાન પ્રાંત બંગાળનો જ હિસ્સો રહ્યો હતો. ઇ.સ.૧૮૨૪માં બ્રિટીશ લશકરે બર્મા પર હુમલો કર્યો ત્યારે તેમને ચિત્તાગોંગના મુસ્લિમોએ બહુ મદદ કરી હતી. બ્રિટીશ સૈન્ય દ્વારા ચિત્તાગોંગના મુસ્લિમોને હથિયારો આપવામાં આવ્યા હતા અને તેમને બર્માના લશકર સામે લડવાની તાલીમ આપવામાં આવી હતી.

બ્રિટીશ લશકરે અરાકાન કબજે કર્યું ત્યારે ત્યાં ચિત્તાગોંગના મુસ્લિમોને મોટી સંખ્યામાં વસાવવામાં આવ્યા હતા, જેને આજે દુનિયા રોહિંગ્યા મુસ્લિમો તરીકે ઓળખે છે. બ્રિટીશ શાસકો દ્વારા બંગાળથી આવેલા રોહિંગ્યા મુસ્લિમોને જમીનો આપવામાં આવીહતી, તેમને જંગલો સાફ કરવાના કોન્ટ્રેક્ટો આપવામાં આવ્યા હતા, તેમને રોડ અને બ્રિજોબનાવવાનાં કામમાં પણ ભાગીદાર બનાવાયા હતા. આ કારણે અરાકાન પ્રાંતમાં બંગાળના મુસ્લિમોની વસતિ અને તેમની સમૃદ્ધિ વધવા માંડી હતી. ઇ.સ.૧૮૨૬ પહેલા પણ અરાકાનમાં મુસ્લિમો રહેતા હતા, પણ તેઓ બર્માના મૂળ મુસ્લિમો હતા.

ઇ.સ.૧૮૨૬માં બંગાળના મુસ્લિમોનું અરાકાન પ્રાંતમાં સ્થળાંતર ચાલુ થયું તે લગભગ એક સદી કરતાં પણ વધુ સમય સુધી ચાલુ રહ્યું હતું. ઇ.સ.૧૮૮૫માં બ્રિટને બર્મા સાથે બીજું યુદ્ધ કરીને આખું બર્મા જીતી લીધું હતું. હવે અરાકાન પ્રાંતને બંગાળથી છૂટો પાડીને બર્માનો પ્રાંત બનાવવામાં આવ્યો હતો અન તેને રાખીન તરીકે ઓળખવાનું ચાલુ થયું હતું. રાખીન પ્રાંતમાં રોહિંગ્યા મુસ્લિમોની વસતિ વધવા લાગી હતી, પણ બહુમતી તો બૌદ્ધોની તેમ જ હિન્દુઓની જ હતી. બંગાળની સરહદે રાખીન પ્રાંતના જે કેટલાક જિલ્લાઓ પડતા હતા ત્યાં રોહિંગ્યા મુસ્લિમોની બહુમતી થઇ ગઇ હતી. ઇ.સ.૧૯૪૭માં ભારતના ભાગલા પડ્યા ત્યારે પણ પૂર્વ બંગાળ પ્રાંતમાં હિન્દુઓની વસતિ ૨૬ ટકા જેટલી હતી. ભાગલા પછી તે ઘટીને દસ ટકા જેટલી જ રહીગઇ હતી.

ઇ.સ.૧૯૪૦ના દાયકામાં ભારતના ભાગલાની વાટાઘાટો ચાલી રહી હતી ત્યારે રાખીન પ્રાંતના રોહિંગ્યા લોકો પાકિસ્તાનમાં ભળવા માગતા હતા. તેમણે રાખીન પ્રાંતને પૂર્વપાકિસ્તાનમાં ભેળવી દેવા માટે આંદોલન પણ ચલાવ્યું હતું. ઇ.સ.૧૯૫૦ના દાયકામાં તેમણે રાખીન પ્રાંતને મુસ્લિમોનો અલગ દેશ બનાવવાની માગણી પણ કરી હતી. રોહિંગ્યા મુસ્લિમો બર્મામાં ક્યારેય ઠરીઠામ થઇને રહ્યા જ નથી. તેઓ સતત રાખીન પ્રાંતને આઝાદ બનાવવાની માગણી સાથે હિંસક આંદોલનો કરતા રહ્યા છે અને સ્થાનિક જનતા પર સિતમો ગુજારતા રહ્યા છે.

ઇ.સ.૧૯૫૦માં બર્મા બ્રિટનથી મુક્ત થયું ત્યારે તેણે રાખીન પ્રાંતમાં રહેતા રોહિંગ્યા મુસ્લિમોને બર્માની નાગરિકતા આપી દીધી હતી, પણ તેમની સતત ખટપટથી કંટાળીને બર્માના શાસકોએ ઇ.સ.૧૯૮૨માં તમામ રોહિંગ્યાની નાગરિકતા રદ્દ કરી નાખી હતી. ત્યારે બર્માના શાસકો દ્વારા જાહેર કરવામાં આવ્યું હતું કે ઇ.સ.૧૮૨૬ની સંધિ પછી જેટલા પણ રોહિંગ્યા મુસ્લિમો બંગાળમાંથી બર્મામાં આવ્યા હતા તેમની નાગરિકતા રદ્દ કરવામાં આવે છે. આ જાહેરાત દ્વારા બર્માના શાસકોએ રાખીનમાં રહેતા મૂળ મુસ્લિમો અને બંગાળથી આવેલા રોહિંગ્યા મુસ્લિમો વચ્ચે ભેદરેખા દોરી હતી. રોહિંગ્યા મુસ્લિમો પણ બર્મામાં રહીને પોતાની અલગ ઓળખ ટકાવી રાખવા માગે છે, માટે જ તેઓ પોતાની જાતને બર્માના મુસ્લિમો સાથે મૂકવા તૈયાર થતા નથી.

રાખીન પ્રાંતના બૌદ્ધો અને રોહિંગ્યામુસ્લિમો વચ્ચે આ પહેલી વખત સંઘર્ષ નથી થયો. ઇ.સ.૧૯૭૮, ૧૯૯૧ અને ૧૯૯૨માં પણ રાખીન પ્રાંતમાં મુસ્લિમો અને બૌદ્ધો વચ્ચે રમખાણો થયાં હતાં, જેને પરિણામે આશરે ચાર લાખ મુસ્લિમોને બર્મા છોડવાની ફરજ પડી હતી. ઇ.સ.૨૦૧૨માં ફરી રમખાણો થયાં હતાં, જેને કારણે ૪૦ હજાર રોહિંગ્યા નિરાશ્રીતો ભારતમાં આવ્યા હતા. જોકે ભારત સરકાર દ્વારા તેમને સત્તાવાર નિરાશ્રીતનો દરજ્જો દેવામાં આવ્યો નથી. ઇ.સ.૨૦૧૨માં રોહિંગ્યાના મુદ્દે મુંબઇમાં મુસ્લિમોએ તોફાન પણ કર્યું હતું. આ વર્ષના ઓગસ્ટનાં તોફાનો પછી બીજા ચાર લાખ રોહિંગ્યા મુસ્લિમો બાંગ્લા દેશમાં ઠલવાયા છે.

રાખીન પ્રાંતમાં રહેતા રોહિંગ્યા મુસ્લિમોએ અરાકાન રોહિંગ્યા સાલ્વેશન આર્મી નામના આતંકવાદી સંગઠનની સ્થાપના કરી છે, જેઓ બર્મામાં રહીને બૌદ્ધો અને હિન્દુઓ પર અત્યાચારો ગુજારી રહ્યા છે. હવે અલ કાયદા અને લશ્કરે તોઇબા જેવા આતંકવાદી સંગઠનો રોહિંગ્યા મુસ્લિમોની વકીલાત કરી રહ્યા હોવાથી તેમનો વિશ્વાસ કરવા કોઇ તૈયાર થતું નથી.

મ્યાનમારની સરકારેજાહેર કર્યું છે કે રાખીન પ્રાંતમાંથી કેટલીક કબરો મળી આવી છે, જેમાં રોહિંગ્યા આતંકવાદીઓ દ્વારા ૨૮ હિન્દુઓને મારીને દાટી દેવામાં આવ્યા હતા

અનુસંધાન..પાના પહેલાનું)

દિલ્હી ડાયરી

કરશે, જેનાથી તેમના પુત્ર અને હાલના સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવથી બધી રીતે છુટા પડી જશે.

નવો રાજકીય પક્ષ રચવા માટે સિનિયર યાદવ માટે ઉશ્કેરણીજનક વાત એ હતી કે એ દિવસથી તેઓ પોતાની જાતને એકલો પડી ગયેલા માનવા માંડ્યા હતા અને વધુને વધુ તેમના ટેકેદારો તેમા પણ ખાસ કરીને સિનિયર નેતાઓ ક્યાં તો તેમના પુત્રની છાવણીમાં બેસી ગયા હતા અથવા તો તેઓ એ તરફ વધુ ઢળ્યા હતા. તાજેતરમાં જ એવા બે સિનિયર નેતાઓ અને મુલાયમના નજીકના સાથીદારોએ એવા સંકેત આપ્યા હતા કે તેઓ અખિલેશ કેમ્પ તરફ વધુ ઢળ્યા છે અને ટુંકમાં જ તેમનો નિર્ણય જાહેર કરી દેશે.

આઝમ ખાન અને બેની પ્રસાદ યાદવ એ બે નેતાઓ મુલાયમ સાથે લાંબા સમયથી જોડાયેલા છે અને તેઓ આ સંમેલનમાં હાજર રહ્યા હતા. આઝમ ખાને તે તત્કાળ એવું કહી દીધું હતું કે તેઓ તો નેતાજીના ઉત્તરાધિકારીના કેમ્પ સાથે જ છે. તેમણે તો ત્યાં સુધી કહ્યું હતું કે તેમનો ધારાસભ્ય પુત્ર અખિલેશની સાથે જ છે. હવે એ જોવાનું રસપ્રદ રહેશે કે મુલાયમ પોતાને પોતાના પુત્રની સામે કેવી રીતે ઊભા કરે છે.

શરદ યાદવે પારિવારિક બાબતોને કારણે રાજકારણમાંથી બ્રેક લીધો

જનતા દળ યુના વિરોધી જૂથના નેતા શરદ યાદવને તમે ૨૪ બાય ૭ એક હાર્ડકોર પોલિટિશિયન તરીકે ગણી શકો કે જેઓ પોતાના રાજકીય કામથી માંડ છેટા રહેતા હશે. પણ હાલમાં જ તેમણે પારિવારિક બાબતોને કારણે રાજકારણથી થોડો સમય બ્રેક લેવાનો નિર્ણય કર્યો ત્યારે બધાને આશ્ચર્ય થયું હતું. તેમની એ પારિવારિક બાબતોનું રહસ્ય ત્યારે ખુલ્લું પડ્યુ હતું કે જ્યારે યાદવે એવું ટ્વિટ કર્યુ કે તેમની પુત્રી સુહાસિનીએ પુત્રને જન્મ આપ્યો છે અને એ તેનું એક પુત્રી પછીનું બીજુ સંતાન છે. નવજાતના જન્મ પછી શરદ યાદવ નાના બન્યા છે અને તેમણે પોતાના ટ્વિટર હેન્ડલ પર આ ન્યુઝ જાહેર કર્યા તે પહેલા તેઓ હોસ્પિટલના આંટાફેરા કરતાં રહ્યા હતા.

શરદ યાદવની એપોઇન્ટમેન્ટ ઇચ્છતા જનતાદળના હાલના ફાડચા સંબંધે રિપોર્ટીંગ કરી રહેલા પત્રકારો માટે એક સુખદ આશ્ચર્ય રહ્યું હતું કે જ્યારે તેમને એમ જાણવા મળ્યું કે તેઓએ હાલ રાજકારણમાંથી બ્રેક લીધો છે. શરદ યાદવે તેમને એવો જવાબ આપ્યો હતો કે કોઇ રાજકીય વાત નહીં હું હાલ પારિવારિક બાબતોમાં પરોવાયેલો છું. તેઓ રવિવારથી રાજકારણની બરછટ ભુમિ પર પાછા ફર્યા કે જ્યારે તેઓએ રાષ્ટ્રીય બહુજન સમન્વય સંમેલનને સંબોધન કર્યુ હતું. એ વાત તો સ્વાભાવિક જ છે કે યાદવે આશા કરતા વહેલા રાજકારણના તખતે પાછા ફરવાની પોતાની ઇચ્છાને દબાવી નથી.

કોંગ્રેસ અધ્યક્ષાના રહેઠાણની સામે ગુજરાત સદનનું ખાતમુહુર્ત પાછળનો સંદેશ શું?

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ બંને ગુજરાતના હોવાથી દિલ્હીમાં ગુજરાતના ડગ મજબૂતાઇથી ખોડાયેલા રહે અને તેનું રાજકીય મહત્વ પણ ત્યાં વધતું રહે તે સ્વાભાવિક છે. દિલ્હીના ચાણક્યપુરીમાં ગુજરાત સદન આવેલું જ છે પણ હવે રાજ્ય હાઇ પાવર્ડ લિન્ટીઅન્સ દિલ્હીમાં વધુ એક સરનામુ ધરાવતું થઇ જશે. આ સરનામુ ૨૫ બી અકબર રોડ હોઇ શકે છે, જે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના ૨૪-અકબર રોડની સામે જ આવેલું છે.

ગુજરાતના મુખ્યમંત્રીએ કોંગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધીના ૧૦ જનપથ સ્થિત રહેઠાણની બરોબર સામે જ ગુજરાત સદનનું ખાત મુહુર્ત કર્યુ છે. કોંગ્રેસ મુક્ત ભારતના પોતાના લક્ષ્યાંકને શોધવા તરફ મોદી અને શાહની જોડી દ્વારા આપવામાં આવેલો શું આ એક વધુ સાયકોલોજીકલ સંદેશ છે?

રાહુલનો

હતી,અહી તેમણે ખેડૂતોના વિવિધ પ્રશ્નો સાંભળીને તેમની રજુઆતો સાંભળી હતી એટલુ જ નહી,જો ગુજરાતમાં કોંગ્રેસની સરાકર બનશે તો ખેડૂતોની સમસ્યાઓ ત્વરીત દૂર કરવામાં આવશે.

રાહુલ ગાંધી એ તેમના જામનગરના રોડ શો દરમ્યાન કહયું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા કોઈને પુછયા વગર નોટબંધી કરી અને જીએસટી લાગુ કરીને ભારતના અર્થતંત્ર પર જોરદાર આક્રમણ કર્યુ છે.જીએસટીના કારણે નાના વેપારીઓ તેમજ દુકાનદારોને હેરાન કર્યા છે.દેશમાં જે લોકો નબળા વર્ગના લોકો છે તેમના માટે મોદીના મનમાં કોઈ જગ્યા નથી,પરંતુ અમીરો માટે તેમણે તમામ દરવાજા ખોલી દીધા છે.મોદી સરાકર દેશના યુવાનાને રોજગારી આપી સકી નથી.જયારે યુવાનો કામ કરવા માંગે છે.

વિકાસ ગાંડો થયો છે

જામ ખંભાળિયા કાતે નવસર્જન યાત્રા તેમજ રોડ શો દરમ્યાન તેમણે કહયું હતું કે જીએસટીનો અમલ તબક્કાવાર કરવાની જરૂર હતી. વિકાસના મુદ્દે તેમણે ભાજપની સરકાર પર આકરા પ્રહાર કરતાં કહયું હતું કે ગુજરાતમાં વિકાસને શુ થયુ છે ? તો લોકા કહે છે કે 'વિકાસ ગાંડો થયો છે.' હાલની ભાજપ સરકારને પાંચ ઉદ્યોગપતિઓ ચલાવી રહયા છે. સામાન્ય લોકોની મુશ્કેલીઓ સરકાર ધ્યાને લેતી નતી.ભાજપ સરકાર દ્વારા જે રીતે એક ઝાટકે જીએસટીનો અમલ કરવામાં આવ્યો હતો તેના બદલે તબક્કાવાર તેનો અમલ કરવાની જરૂરત હતી. નોટબંધી અને જીએસટીના કારણે ખેડૂતો અને સામાન્ય લોકાને ભારે નુકસાન થયું છે.સરકારના આ નિર્ણયથી નાના વેપારીઓને બાર મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહયો છે.આગામી વિધાનસભાની ચૂંટમીમાં કોંગેરસની સરકાર બનશે અને કોંગ્રેસની સરકાર પાંચ પંદર ઉદ્યોગપતિઓની નહીં હોય તે સમાન્ય લોકોની સરકાર બનશે.

યાત્રા દરમ્યાન રાહુલગાંધી ગામમાં સામાન્ય લોકો સાથે વાતો કરી

ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓની કોગ્રેસે તૈયારીઓ શરૂ કરી દીધી છે, કોગ્રેસ ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી આજથી ત્રણ દિવસના સૌરાષ્ટ્ર પ્રવાસે આવી પહોંચ્યા હતા, આજે દ્વારકાથી તેમણે દર્શન કરી નવસર્જન યાત્રાનો પ્રારંભ કર્યો હતો. યાત્રાના રૂટમાં આવતા ગામમાં રાહુલ ગાંધી સામાન્ય લોકોને પણ મળતા હતા અને તેમની વાતો, પ્રશ્નો, રજુઆતો સાંભળી હતી. સાથે કેટલીક જગ્યાએ તો લોકો સાથે ચાની ચુસકી પણ મારી હતી.

રાજ્યમાં છેલ્લા ઘણા સમયથી પાટીદાર આંદોલન ચાલી રહયું છે, જેની સૌથી મોટી અસર સૌરાષ્ટ્રમાં જોવા મળી રહી છે, ત્યારે રાહુલ ગાંધીની યાત્રાની શરૂઆત પણ સૌરાષ્ટ્રમાંથી થઈ છે, જે ઘણી સુચક માનવામાં આવી રહી છે. રાજ્યની ભાજપ સરકાર છેલ્લા ઘણા સમયથી પાટીદારોને મનાવવાના પ્રયાસો કરી રહી છે, પરંતુ તેમાં તે સફળ થતી જણાતી નથી. આમ કોગ્રેસ પાટીદાર ફેકટરનો કેવી રીતે વધુને વધુ લાભ મેળવી શકાય અને ભાજપ સરકારની મુશ્કલી વધારી શકાય તેવી રણનીતિ તૈયાર કરી છે.

કોગ્રેસની સરકાર બનશે તેવો વિશ્વાસ

ખુલ્લી જીપમાં રોડ -શો મંજૂરી ન મળતા ખુલ્લા બળદગાડામાં રોડ -શો

કોગ્રેસ ઉપાધ્ય રાહુલ ગાંધી આજેથી ત્રણ દિવસ માટે સૌરાષ્ટ્રના પ્રવાસી આવી દ્વારકાથી તેનો પ્રવાસ પ્રારંભ કર્યો હતો, જોકે રાજ્ય ભાજપ સરકાર દ્વારા રાહુલ ગાંધીને ખુલ્લી જીપમાં રોડ શો કરવાની મંજૂરી આપી નહોવાથી કોગ્રેસે રાહુલ ગાંધીના રોડ - શો માટે ખુલ્લા બળદગાડામાં રેલી યોજી હતી. સાથેજ આજે દિવસભર જુદા જુદા ગામોની મુલાકાત લીધા બાદ સાંજે ભાટીયા ગામમાં રાહુલ ગાંધીનું ભવ્ય સ્વાગત કરાયું હતું.

ગુજરાતના વિકાસને શું થયું છે ? રાહુલ ગાંધી લોકોએ કહયું ગાંડો થયો છે....

રાહુલ ગાંધીએ આજથી ગુજરાતમાં નવસર્જન યાત્રાનો પ્રારંભ ર્ક્યો હતો, યાત્રાના રૂટમાં રાહુલ ગાંધીએ ઉપસ્થિત જનમેદનીને સંબોધતા ગુજરાત ભાજપને આડેહાથે લીધી હતી, સાથે સાથે રાહુલ ગાંધીએ વિકાસના મુદ્દા પર બોલતા કહયું હતુ કે ગુજરાતમાં વિકાસને શું થયું છે ? તો લોકોએ ખુબ જ જુસ્સાથી જવાબ આપ્યો હતો કે વિકાસ ગાંડો છે. હાલની સરકાર ઉદ્યોગપતિઓ ચલાવી રહયા છે. ભાજપ લોકોની મુશ્કેલીઓને ધ્યાન આપતી નથી. ત્યારે રાહુલ ગાંધીએ જણાવ્યું હતુ કે ગુજરાતમાં કોગ્રેસની સરકાર આવશે તો, તે ચાર-પાંચ ઉદ્યોગપતિઓની સરકાર નહી હોય, કોગ્રેસની સરકાર સામાન્ય લોકોની સરકાર હશે.

આજે રાહુલ ગાંધી રાજકોટમાં : કાર - બાઇક રેલી સાથે સંખ્યાબંધ સભા : રાહુલ ગાંધીના સ્વાગત માટે રાજકોટવાસીઓમાં થનગનાટ

આજથી ત્રણ દિવસ માટે કોગ્રેસના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી સૌરાષ્ટ્રના પ્રવાસે આવ્યાં છે, આજે દ્વારકા ખાતે દર્શન કરી નવસર્જન યાત્રાનો પ્રારંભ ર્ક્યો હતો, આવતીકાલે રાહુલ ગાંધી સાંજે રાજકોટ ખાતે આવી પહોચનાર છે, ત્યારે રાહુલ ગાંધીના સ્વાગત માટે રાજકોટવાસીઓમાં અનેરો ઉત્સાહ અન થનગનાટ જોવા મળી રહયો છે, ખાસ કરીને યુવાનો રાહુલ ગાંધીને મળવા તેમની સાથે સંવાદ કરવા ભારે ઉત્સુક જોવા મળી રહયા છે. સાજે રાજકોટમાં રાહુલ ગાંધી આવી પહોચશે ત્યારે કોગ્રેસમાં પણ અનેરો આનંદ જોવા મળી રહયો છે, શહેરના ગ્રીનલેન્ડ ચોકડી, ચોક બજાર, જીલ્લા પંચાયત ચોક, સહિત અનેક સ્થળોએ કોગ્રેસના કાર્યકરો તથા એનએસયુઆઈના કાર્યકરો દ્વારા રાહુલ ગાંધીના સ્વાગતની તૈયારીઓ કરવામાં આવી છે. રાહુલ ગાંધીના આગમનના પગલે રાજકોટ શહેરમાં ઠેર ઠેર કોગ્રેસના ઝંડાઓ, પોસ્ટરો, તોરણો, બેનરો, તથા ફુલહારથી સ્ટેજને શણગારમાં આવ્યાં છે, જે જે સ્થળો પર રાહુલ ગાંધી મુલાકાત લેવાના છે, જે માર્ગ પર કાર- બાઈક રેલી પસાર થવાની છે કે તે તમામ માર્ગોને દુલ્હનની જેમ કોગ્રેસ દ્વારા શણગારવામાં આવ્યા છે. સાથે જ રાહુલ ગાંધી સાંજે વેપારીઓ સાથે સંવાદ કરવાના હોવાથી રાજકોટના વેપારીઓમાં પણ અનેરો ઉત્સાહ જોવા મળી રહયો છે.

વંશવાદના

પરંતુ તેના પછી કેન્દ્રીય મંત્રી પિયુષ ગોયલે આ પ્રવચન અંગે મિડીયાને માહિતી આપી હતી. રાહુલ ગાંધીએ હાલની પોતાની અમેરિકા યાત્રા દરમ્યાન ત્યાં પ્રવચન કરતા ભારતના વંશવાદના રાજકારણની વાત કરી તે અંગે અમિત શાહે કહ્યુ હતું કે રાહુલે ભારતને ઓછુ આંક્યુ છે. અત્રે ઉલ્લેખનીય છે કે હાલ થોડા દિવસ પહેલા અમેરિકાની એક યુનિવર્સિટીના સમારંભમાં બોલતા રાહુલ ગાંધીએ કહયુ હતું કે ભારતમાં વંશવાદ એ સામાન્ય બાબત છે, તેમણે મુલાયમ-અખિલેશ, અમિતાભ-અભિષેક અને ધીરૂભાઇ અંબાણી-મુકેશ, અનિલ અંબાણીના ઉદાહરણ આ માટે આપ્યા હતા.

કોંગ્રેસ તુષ્ટિકરણ અને વંશવાદના રાજકારણમાં માને છે જ્યારે ભાજપ કામકાજના રાજકારણને અનુસરે છે એમ શાહને કહેતા ગોયલે ટાંકયા હતા. અર્થતંત્રની ચર્ચા કરતા શાહે કહ્યુ હતું કે નરેન્દ્ર મોદીની સરકારના શાસનમાં દેશનું અર્થતંત્ર મજૂબત બન્યુ છે. શાહે નોટબંધી અને જીએસટીના ફાયદા પણ ગણાવ્યા હતા. શાહે કહ્યુ હતું કે ભાજપ હિંસાના રાજકારણથી ડરતું નથી અને તેમણે પશ્ચિમ બંગાળમાં આવુ રાજકારણ રમતા ડાબેરીઓ અને તૃણમૂલને વખોડયા હતા. કેરળમાં ભાજપ સામેની હિંસાનો પણ શાહે ઉલ્લેખ કર્યો હતો.

સૌના માટે

હતું. આ યોજના લોન્ચ કરતા મોદીએ એ બાબતે અફસોસ વ્યકત કર્યો હતો કે આઝાદીના ૭૦ વર્ષ પછી પણ દેશના ૨૫ કરોડ કુટુંબોમાંથી ૪ કરોડ કુટુંબો વિજળીથી વંચિત છે.

ઓએનજીસીના ઉર્જા ભવન ખાતેથી વડાપ્રધાને આ સૌભાગ્ય યોજના લોન્ચ કરી હતી જેમાં તેમણે એવી પણ જાહેરાત કરી હતી કે ગરીબોને એક પણ રૂપિયો લીધા વિના વિજળી કનેકશન આપવામાં આવશે. પંડિત દિનદયાલ ઉપાધ્યાયની જન્મ શતાબ્દિ પ્રસંગે આ યોજના લોન્ચ કરવાની સાથે ઓએનજીસીના વડામથકનું પણ મોદીએ ઉદઘાટન કર્યુ હતુ. મોદીએ આ પ્રસંગે અગાઉની સરકારો પર ચાબખા મારતા કહયૂ હતું કે પહેલા દેશમાં બ્રેકીંગ ન્યૂઝ તરીકે વિજળીના સંકટના સમાચાર આવતા હતા. એવા સમાચાર આવતા હતા કે ફલાણા વિજળીઘરમાં એક જ દિવસ ચાલે તેટલો કોલસો બાકી છે, પણ હવે દેશ વિજળીના સંકટ તરફથી વિજળીના સરપ્લસ તરફ આગળ વધી રહયો છે.

સત્તાવાર નિવેદન પ્રમાણે સૌભાગ્ય યોજનાનું કુલ કદ રૂ. ૧૬૩૨૦ કરોડનું છે જ્યારે ગ્રોસ બજેટરી સપોર્ટ રૈ. ૧૨૩૨૦ કરોડ છે. આમાં ૬૦ ટકા ફાળો કેન્દ્ર સરકારનો, ૧૦ ટકા રાજ્ય સરકારનો અને બાકીનું ૩૦ ટકા ભંડોળ બેન્કીંગ અને નાણાકીય સંસ્થાઓ મારફતે ઉભું કરવામાં આવશે.

મોદીએ યુપીએ

વિશ્લેષણ કરશે અને તેમને તે બાબતમાં સલાહ આપશે. એમ નિવેદનમાં જણાવવામાં આવ્યુ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે યુપીએ સરકારમાં આર્થિક બાબતોમાં સરકારને સલાહ આપવાનું કામ કરતી આ પરિષદને ૨૦૧૪માં મોદી સરકાર સત્તા પર આવ્યા બાદ આયોજન પંચ અને રાષ્ટ્રીય જ્ઞાન પંચની સાથે નાબૂદ કરી દેવામા આવી હતી. હવે મોદી સરકાર દ્વારા આ પરિષદને એવા સમયે તેને ફરી સજીવન કરવામા આવી છે જ્યારે દેશ આર્થિક મુશ્કેલીઓનો સામનો કરી રહયો છે અને સરકાર અર્થતંત્રને બેઠુ કરવા પેકેજ રજુ કરવાનું વિચારી રહી છે.

સ્ટેટ બેન્કે

માટે રૂ. ૩૦ થી રૂ. ૫૦ રહેશે. અગાઉ મહાનગરોમાં રૂ. ૫૦૦૦નું લઘુતમ બેલેન્સ નહી રાખવા બદલ સ્ટેટ બેન્ક રૂ. ૧૦૦ વત્તા જીએસટી જો બેલેન્સ લઘુતમ બેલેન્સના ૭૫ ટકાની નીચે જાય તો વસૂલ કરતી હતી જો આ બેલેન્સ લઘુતમ મર્યાદાની ૫૦ ટકાની નીચે જાય તો રૂ. ૫૦ વત્તા જીએસટી વસૂલ કરવામાં આવતા હતા. જ્યારે ગ્રામીણ શાખાઓમાં લઘુતમ બેલેન્સ નહીંરાખવા બદલ રૂ. ૨૦થી રૂ. ૫૦ વત્તા જીએસટી વસૂલ કરવામાં આવતા હતા.

બેન્કે એ વાત દોહરાવી છે કે બેઝીક સેવીંગ્સ બેન્ક ખાતા અને જનધન ખાતાઓમાં લઘુતમ બેલેન્સ જરૂરી નથી , જ્યારે બેન્કે હવે પેન્શનરો, સરકારની સામાજીક યોજનાઓના લાભાર્થીઓ અને સગીર વયના ખાતેદારોના ખાતાઓને લઘુતમ બેલેન્સની મુકિત આપવાનો નિર્ણય કર્યો છે. આ સુધારાથી વધુ ૫ કરોડ ખાતાધારકોને લાભ થવાની અપેક્ષા છે.

ઇમામના મોત

ઉપયોગ કરવો પડે છે. તે માંડ ૨૦ ડગલા ચાલી શકે છે અને એક અઠવાડિયામાં ૭૫૦ ડોલર મતલબ કે ૪૮,૮૦૪ રૂપિયાનું ખાવાનું ઝાપટી જાય છે મતલબ કે તે એક મહિનામાં અઢી લાખ રૂપિયાનું ખાવાનું આરોગે છે. તે એક વેબસાઇટ પણ ચલાવે છે. તેણે ૨૦૦૭માં એક પુત્રીને જન્મ આપ્યો હતો અને તે સમયે ૩૦ તબીબોની ટીમે તેના પર મોટું ઓપરેશન કરવું પડ્યું હતુ.

મુંબઇમાં સારવાર

ઈજિપ્તની નાગરિક એવી ૩૭ વર્ષીય એમાન અબ્દુલ અત્તીનું આજે સંયુકત આરબ અમીરાતની એક હોસ્પિટલમાં તેના વજનને કારણે સર્જાયેલી સમસ્યાઓને લીધે ઈજિપ્ત ભારત અને આ ગલ્ફ અમીરાતમાં લાંબી સારવાર યાત્રા પછી અવસાન થયું છે.

તેણીનું મૃત્યુ અબુધાબીની બુર્જીલ હોસ્પિટલમાં થયુ છે. તેના મૃત્યુ માટેના કારણ તરીકે હોસ્પિટલે અંડરલાઇન કોમોરબીડ કન્ડીશન્સમાંથી જન્મેલી સમસ્યાઓને ગણાવી હતી જેમાં હ્રદયરોગ તથા કિડની કામ કરતી બંધ થઇ જવાની બાબતનો સમાવેશ થાય છે. તબીબી ભાષામાં કોમોરબીડીટી એવા એક અથવા વધુ રોગો અથવા ડીસઓર્ડર્સને કહેવામાં આવે છે જે પ્રાથમિક રોગ અથવા ડીસઓર્ડરની સાથે અસ્તિત્વમાં હોય છે.

ઈમાનને ફેબ્રુઆરીમાં ભારત લાવવામાં આવી ત્યારે તેનું વજન ૫૦૦ કિલોગ્રામ જેટલુ હતું , પણ તેણે અનેક તબીબી પ્રક્રિયાઓ પછી ૩૨૩ કિલો જેટલું જંગી કહી શકાય તેટલું વજન ઘટાડયું હતું. તેનું અવસાન એના થોડા જ દિવસો પછી થયુ છે જ્યારે તેણે ૯ સપ્ટેમ્બરે તેની ૩૭મી વર્ષગાંઠ ઉજવી હતી એમ તેના કુટુંબીજનો અને મિત્રોએ જણાવ્યુ હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે ઈજિપ્તના એલેકઝાન્ડીયાની વતની એવી ઈમાનને ફેબ્રુઆરીમાં મુંબઇની સૈફી હોસ્પિટલમાં સારવાર માટે લાવવામાં આવી હતી પણ આ હોસ્પિટલમાં ડોકટરો તેના વજનમાં ઘટાડા અંગે જુઠા દાવાઓ કરી રહયા છે એમ તેની બહેને આક્ષેપ કર્યો હતો અને વિવાદ સર્જાયો હતો અને એક તબકકે પોલીસ સુધી પણ વાત ગઇ હતી.

ત્યારબાદ તેને મુંબઇથી અબુધાબી લઇ જવામાં આવી હતી, ત્યાં તેને હાલ થોડો ફાયદો થયો હોવાનું પણ કહેવાયુ હતું પણ અચાનક તેના મૃત્યના સમાચાર આવ્યા છે. તેની તબિયત સુધારા પર હોવાના સમાચાર બાદ અચાનક તેના અવસાનના સમાચાર આવતા તેના વતનના લોકોને આઘાતનો આંચકો લાગ્યો છે.

ઈમાન વિશ્વની સૌથી સ્થૂળકાય મહિલા ગણાતી હતી અને ભારેખમ વજનને કારણે સર્જાયેલી સમસ્યાઓને કારણે છેલ્લા વીસ વર્ષથી તો તે ઘરમાંથી બહાર પણ નિકળી શકી ન હતી. મુંબઈમાં સૈફી હોસ્પિટલમાં લવાઇ ત્યારે પણ તેને હોસ્પિટલમાં લઇ જવા ક્રેઇનનો ઉપયોગ કરવો પડ્યો હતો.

સુડોકુ ૨૪૩૧ -'શ્રુતિ'

		૭			૨			૬
૯		૮	૩					
		૨			૭		૪	
૪			૧	૫		૮	૩	
૮			૨		૩			૫
	૨	૩		૭	૬			૪
	૬		૭			૪		
					૧	૨		૩
૨			૬			૫		

- ★ અહી એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોકસ છે. દરેક બોકસમાં નવ ખાનાં છે.
- ★ દરેક બોકસમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇપણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઉભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોકસમાં બીજી વાર વપરાવો જોઇએ નહીં.
- ★ પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

સુડોકુ ઉકેલ- ૨૪૩૦

૭	૫	૨	૬	૪	૯	૮	૧	૩
૯	૬	૩	૧	૮	૫	૨	૪	૭
૧	૪	૮	૨	૭	૩	૯	૫	૬
૨	૯	૬	૪	૩	૮	૫	૭	૧
૮	૩	૭	૫	૬	૧	૪	૨	૯
૫	૧	૪	૭	૯	૨	૩	૬	૮
૬	૭	૯	૩	૫	૪	૧	૮	૨
૪	૮	૧	૯	૨	૬	૭	૩	૫
૩	૨	૫	૮	૧	૭	૬	૯	૪

આજનું પંચાંગ

મંગળવાર તા. ૨૬-૯-૨૦૧૭

વિક્રમ સંવત :- ૨૦૭૩ **શાકે :** ૧૯૩૯
વીર સંવત : ૨૫૪૩ **માસ :** આસો
તિથિ : સુદ : છઠ : ૧૬:૪૨
અયન : દક્ષિણાયન **ઋતુ :** શરદ
રાષ્ટ્રિય દિનાંક : આસો : ૪
નક્ષત્ર : અનુરાધા ૭.૦૪ પછી જયેષ્ઠાની શાંતિ કરવી
યોગ : પ્રીતી **કરણ :** ગર
રાશિ : વૃશ્ચિક (ન.ય.)
દિવસઃ અશુભ, બુધ કન્યામાં ૨૪.૩૦થી
સુરતમાં સૂર્યોદય : ૦૬.૨૯, **સૂર્યાસ્ત :** ૧૮.૩૦
નવકારસી : ૦૭.૧૭
પારસી વર્ષ : ૧૩૮૭, અરદીબેહસ્તનો ૧૧મો રોજ
મુસલમાન વર્ષઃ ૧૪૩૯ મોહરમનો ૫મો રોજ
દિવસનાં ચોઘડિયાં : રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ
રાત્રિનાં ચોઘડિયાં : કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ
રાહુ કાળ : બપોરે : ૧૫.૦૦ થી ૧૬.૩૦

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

મેષ (અ,લ,ઇ): વાણી પર સંયમ રાખવો. નવા શત્રુઓ પેદા થાય. અપયશ મળે. આરોગ્ય બગડે.

વૃષભ (બ,વ,ઉ): વિવાહમાં વિઘ્નો આવે. મિત્રોનો સાથ મળે. મિલન મુલાકાત થાય. રોજિન્દા કામ પાર પડે.

મિથુન (ક,છ,ઘ): શત્રુઓ ઉપાધિ પેદા કરે. માનસિક અશાંતિ વધે. આળસ અને થાકનો અનુભવ થાય.

કર્ક (ડ,હ): પ્રેમમાં વિઘ્નો આવે. મિત્રો સાથે વિવાદ થાય. શેર, સટ્ટા, લોટરી, વાયદામાં લાભ રહે.

સિંહ (મ, ટ): પ્રવાસમાં વિઘ્નો આવે. અચાનક ઘરમાં દોડધામ વધશે. વિજાતિય આવેગ સતાવે.

કન્યા (પ,ઠ,ણ): વાદ-વિવાદ થાય. મિત્રોનો સાથ મળે. નવા પરિચયો ઉપયોગી બને. અશાંતિ વધશે.

તુલા (ર, ત): વાણી અને વર્તનના કારણે કામમાં વિઘ્નો આવે. અચાનક ખર્ચા વધશે.

વૃશ્ચિક(ન,ય): પડવા-વાગવા, આગ પાણીથી સાવધાન રહેવું. પ્રવાસમાં વિઘ્નો આવે.

ધન (ભ,ધ,ઢ,ફ) : અચાનક ખર્ચા વધે. સંતાનોની ચિંતા સતાવે. પોલીસ લફરાથી બચવું.

મકર (ખ,જ): મિત્રો સાથે ગેરસમજ થાય. પ્રેમમાં વિઘ્નો આવે. અચાનક નવા મિત્રો મળે.

કુંભ (ગ,સ,શ,ષ): નોકરી-ધંધામાં વિવાદ થાય. સ્ત્રી વર્ગથી સાવધાન રહેવું. લાભથી બચવું.

મીન (દ,ચ,ઝ,થ): અચાનક શુભ સમાચાર મળે. ધર્મ-કર્મ થાય. આધ્યાત્મિક શાંતિ મળે. વિદેશના કામ થાય.

કોઇ પણ સાલમાં ૨૬ સપ્ટેમ્બરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સંઘર્ષમય પસાર થશે. વર્ષની શરૂઆત સામાન્ય રહે. નોકરી-ધંધામાં સામાન્ય રહે. નવી તકો મળે. અશાંતિ અને દોડધામ પણ રહે. સરકારી કામ થાય. નવા રોકાણ સરળ બને. પણ મધ્ય ભાગ પરેશાનીયુકત રહેશે. સમાજજીવનમાં અશાંતિ રહે. મિત્રો સાથે વિવાદ થાય. ઉંમરલાયકના વિવાહમાં વિઘ્નો આવે. પ્રેમમાં નિરાશા મળે. વિદેશનાં કામ અટકે. ઘર, વાહન, મકાન, મિલકત વગેરે કામ વર્ષની શરૂઆતમાં થાય. આરોગ્યના ખર્ચા આવે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મ થાય. પરિવારના પ્રશ્નો સતાવશે. ડિસેમ્બર-જાન્યુઆરી તથા ફેબ્રુઆરીમાં નવી તક મળે. માર્ચ-એપ્રિલમાં વિઘ્નો આવે.